# કાર્યનોંધ

## પ્રકાશન સમિતિની શૈક્ષણિક વર્ષ - ૨૦૧૭-૧૮ની ચોથી બેઠક

---

તા. ૧૨-૦૨-૨૦૧૮નાં રોજ માન.કુલપતિશ્રીનાં કાર્યાલયમાં અને તેમની અધ્યક્ષતામાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ની પ્રકાશન સમિતિની ચોથી બેઠકનું આયોજન થયું. ગત બેઠકમાં કરેલ ભલામણો અનુસાર કરવામાં આવેલ કામગીરીને બહાલી/મંજૂરી આપવામાં આવી. આ ઉપરાંત, નવી કરવાની થતી કામગીરીની નીચેની વિગતે સમિતિએ ભલામણો કરેલ છે.

(૧.) તા.૨૭-૦૯-૨૦૧૭નાં રોજ કરવામાં આવેલ ભલામણો ક્રમ નં. ૧ થી ૧૩ અનુસાર સંશોધન-પ્રકાશન વિભાગે જરૂરી તમામ કાર્યવાહી કરેલ છે, જેની પ્રકાશન સમિતિએ નોંધ લીધી અને કરેલ કામગીરીને બહાલી આપી તેમજ આવશ્યક મંજૂરી પણ આપેલ છે.

(૨.) सोमज्योतिः અંક-૧૪નું ૫૦૦ પ્રત સંખ્યામાં થયેલ પ્રકાશન, તા. ૦૫-૧૦-૨૦૧૭નાં રોજ આયોજિત અગિયારમા યુવક મહોત્સવના ઉદ્‌ઘાટન સમારોહમાં થયેલ વિમોચન, વહેંચણી તથા પ્રકાશન કરાવતાં થયેલ કુલ ખર્ચ રૂ. ૧૭,૩૨૫ /-ને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

(૩.) सोमज्योतिः અંક-૧૫નું ૫૦૦ પ્રત સંખ્યામાં થયેલ પ્રકાશન, તા. ૦૭-૧૦-૨૦૧૭નાં રોજ આયોજિત અગિયારમા યુવક મહોત્સવના સમાપન સમારોહમાં થયેલ વિમોચન, વહેંચણી તથા પ્રકાશન કરાવતાં થયેલ કુલ ખર્ચ રૂ. ૧૭,૩૨૫ /-ને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

(૪.) યુનિવર્સિટી કેલેન્ડર-૨૦૧૮નું ૧,૦૦૦ પ્રત સંખ્યામાં થયેલ પ્રકાશન તથા પ્રકાશન કરાવતાં થયેલ કુલ ખર્ચ રૂ. ૩૩,૬૦૦ /-ને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

(૫.) યુનિવર્સિટી પ્લાનર-૨૦૧૮નું ૫૦૦ પ્રત સંખ્યામાં થયેલ પ્રકાશન તથા પ્રકાશન કરાવતાં થયેલ કુલ ખર્ચ રૂ. ૧૧,૮૦૦ /-ને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

(૬.) યુનિવર્સિટી ડાયરી-૨૦૧૮નું ૧,૦૦૦ પ્રત સંખ્યામાં થયેલ પ્રકાશન તથા પ્રકાશન કરાવતાં થયેલ કુલ ખર્ચ રૂ. ૧,૧૨,૦૦૦ /-ને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

(૭) યુનિવર્સિટીના અધ્યાપક ડો. ડી.એમ. મોકરિયાએ તેમના ગ્રંથ नरसिंहःનાં પ્રકાશનાર્થે તા. ૦૧-૦૧-૨૦૧૮ના રોજ અરજી કરતાં તેને સમિતિ સમક્ષ રજૂ કરેલ છે. માન. કુલપતિશ્રીએ આ બાબતે સ્પષ્ટ સૂચન કરેલ છે કે લેખક/અનુવાદક સ્વયં પ્રસ્તુત ગ્રંથની નકલમાંથી અશુદ્ધિઓ દૂર કરીને સંશોધન-પ્રકાશન વિભાગમાં જમા કરાવે. શુદ્ધ ગ્રંથની નકલ મળ્યા બાદ તુરંતજ આ ગ્રંથની સમીક્ષા કરવા પ્રકાશન સમિતિ નીચે મુજબ ભલામણ કરે છે.

સમીક્ષક – ૧ = પ્રો. હર્ષદેવ માધવ, અમદાવાદ

સમીક્ષક – ૨= ડો. રામપાલ શુક્લા, બરોડા સંસ્કૃત મહાવિદ્યાલય, MSU, વડોદરા

(૮) પ્રકાશન અર્થે આવેલ શ્રી પ્રભાષ જોષીના (Former I.F.S. Officer) બે ગ્રંથો अभिज्ञानशाकुन्तलम् અને मुद्राराक्षसम्ની સમીક્ષા અર્થે સમિતિ નીચે મુજબની ભલામણ કરે છે.

સમીક્ષક – ૧ = પ્રો. અભિરાજ રાજેન્દ્ર મિશ્રા, શિમલા

સમીક્ષક – ૨= પ્રો. પ્રભુનાથ દ્વિવેદી, નિવૃત્ત પ્રાધ્યાપક

માન. કુલપતિશ્રીએ સૂચન કરેલ છે કે હાલમાં मुद्राराक्षसम् ગ્રંથ સંસ્કૃત અને અંગ્રેજી અનુવાદ સહિત પૂર્ણપણે સોફ્ટ કોપીમાં તૈયાર હોય તેને તાત્કાલિક સમીક્ષા હેતુ ઉક્ત બે સમીક્ષકો પાસે મોકલીએ. अभिज्ञानशाकुन्तलम् ગ્રંથ સંસ્કૃત અને અંગ્રેજી અનુવાદ સહિત પૂર્ણપણે સોફ્ટ કોપીમાં તૈયાર આવે ત્યારે તેને સમીક્ષા હેતુ ઉક્ત બે સમીક્ષકો પાસે મોકલવા સૂચન કરેલ છે.

(૯) અજમેર નિવાસી ડો. ચમનલાલ રૈનાના બીજા ગ્રંથ कश्मीर शाक्त दर्शनम् एवं भवानी सहस्रनाम स्वाहाकार-निरूपणम्નાં પ્રકાશન પૂર્વે સમીક્ષા હેતુ માન. કુલપતિશ્રીએ સૂચન કરેલ છે કે હાલમાં પ્રકાશન સમિતિ સભ્ય ડો. પંકજ રાવલ આ ગ્રંથની સામાન્ય સમીક્ષા કરીને Preliminary Report પ્રકાશન સમિતિને જમા કરાવે. ત્યાર બાદ અગ્રિમ બેઠકમાં બાહ્ય સમીક્ષા કરાવવાની સમિતિ ભલામણ કરે છે.



SHREE SOMNATH SANSKRIT UNIVERSITY VERAVAL

(૧૦) નાણાંકીય વર્ષ ૨૦૧૭-૨૦૧૮ દરમ્યાન યુનિવર્સિટી પ્રકાશન વિભાગ દ્વારા આજ દિન સુધીમાં ૧૬ જેટલાં સમીક્ષકોને વિવિધ ગ્રંથોની સમીક્ષા હેતુ યુનિવર્સિટી નિયમાનુસાર ચૂકવવામાં આવેલ પુરસ્કાર રૂ. **૨૭,૨૩૫ /-** (સત્તાવીસ હજાર બસો પાંત્રીસ પૂરા)ના ખર્ચને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

(૧૧) યુનિવર્સિટી સંચાલિત સંસ્કૃત કોલેજના અધ્યાપક અને વેદ-વેદાંગ સંકાયાધ્યક્ષશ્રી ડો. રમેશચંદ્ર શુક્લાએ તેમના ગ્રંથોના પુનઃ પ્રકાશનાર્થે તા. ૦૭-૦૨-૨૦૧૮ના રોજ અરજી કરતાં તેને સમિતિ સમક્ષ રજૂ કરેલ છે. ગ્રંથોની પૂર્ણ નકલો જમા ન હોવાથી (માત્ર કવર પેજ હોવાથી) માન. કુલપતિશ્રીએ આ બાબતે સ્પષ્ટ સૂચન કરેલ છે કે લેખક/અનુવાદક ગ્રંથોની નકલો સંશોધન-પ્રકાશન વિભાગમાં જમા કરાવે ત્યાર બાદ જ અગ્રિમ બેઠકમાં ગ્રંથોના પ્રકાશન અંગે ચર્ચા-વિચારણા કરીને યોગ્ય નિર્ણય લઈ શકાય. આથી, પ્રકાશન સમિતિ લેખક/અનુવાદક પાસેથી ગ્રંથોની નકલ મંગાવવા ભલામણ કરે છે.

(૧૨) સંશોધન અધિકારી ડો. કાર્તિક પંડ્યાએ તા. ૦૮-૦૧-૨૦૧૮ના રોજ અરજી કરતાં તેને સમિતિ સમક્ષ રજૂ કરેલ છે. સંશોધન અધિકારીની વિનંતીને ધ્યાને લઈ વર્ષ-૨૦૧૯થી પ્રકાશિત થનાર ડાયરી-કેલેન્ડર-પ્લાનરની વહેંચણી સ્ટેશનરીનો હવાલો સંભાળતા સ્ટોર્સ વિભાગેથી થાય તેમ પ્રકાશન સમિતિ સર્વાનુમતે ભલામણ કરે છે.

SHREE SOMNATH SANSKRIT UNIVERSITY VERAVAL

(ડૉ. કાર્તિક પંડ્યા)
સંશોધન અધિકારી